SHREEJIBAPA SWAMIBAPA
Maninagar Shree Swaminarayan Gadi Sansthan
Shreejisankalpmurti Adya Acharyapravar Dharmadhurandhar 1008
Shree Muktajeevan Swamibapa Suvarna Jayanti Mahotsav Smarak Trust
Public Charitable Trust Registered No. A/1762
Shree Swaminarayan Temple Maninagar, Ahmedabad - 380 008
Tel.: 079-25468029 / 5757 • maninagar@swaminarayanGadi.com

તા. ૩૦-૦૩-૨૦૨૦

॥ શ્રીજીબાપા સ્વામીબાપા ॥

# પ્રાર્થના

વિશ્વભરમાં વસતા શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાના પરમ લાડીલા બાળકો (સંતાનો)ને સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ.

કોરોના વાયરસ નામની મહામારીએ સારાય વિશ્વને ભરડામાં લીધું છે ત્યારે પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાને સવિશેષ વહાલા થાવા ભારતમાતા અને સમગ્ર પ્રજાના કલ્યાણ અને રક્ષણ માટે પ્રાર્થના કરવી તે આપણી સર્વ પ્રથમ ફરજ છે.

આવા વિપરિત દેશકાળમાં આપણી જાતને તેમજ અન્યને રક્ષવા આપણે ઘરમાં જ રહેવું બહુ જ હિતાવહ છે.

લોકડાઉન સમય દરમ્યાન નક્કી કરીએ કે સમયનો સદુપયોગ થાય તેવા ઉપાયો કરતા રહીશું. પ્રાર્થના, તપ, આધ્યાત્મિક ગ્રંથોનું વાંચન વગેરે સવિશેષ થાય તે માટેની આ સુવર્ણમય તક છે. હાલના સંજોગ પ્રમાણે મંદિરે ન જઈ શકાય તેમ છે, તે ખોટ પૂરી પાડવા આપણા સંસ્થાનના મિડીયા દ્વારા ભગવાનનાં દર્શન સુલભ છે.

તમારો સમગ્ર પરિવાર સાથે મળીને દરરોજ નિયમિત રીતે કથાવાર્તા, કીર્તન વગેરે કરશે એટલે ઘરમાં પણ મંદિરનું વાતાવરણ સર્જાઈ જશે.

આમ કરવાથી તમારા અંતરમાં સુવિચારની સરવાણી લહેરાશે, જેણે કરીને ઉદ્વેગ ટળશે, સદ્ભાવનું સામ્રાજ્ય લહેરાશે ને અંતરમાં શાંતિ વર્તશે.

આ એવો અવસર છે જેમાં વડીલો પોતાના પરિવાર સાથે જ્ઞાનગોષ્ઠિ કરી અરસપરસ સ્નેહભાવની વૃદ્ધિ કરી શકે. તેથીય આગળ વધીને દેશભક્તિ માટે સજ્જ થવાના વિચારોની આપ-લે કરી શકે.

COVID-૧૯ (કોવીદ-ઓગણીસ) વાયરસનું જોખમ સંપૂર્ણપણે નાબૂદ ન થાય ત્યાં સુધી આવનારા અનિશ્ચિત દિવસોમાં આપણે હિંમતપૂર્વક જીવીએ. તેને અનુરૂપ આપણામાં શક્તિ, ધીરજ ને હિંમત પ્રેરે તેવી પરમ કૃપાળુ શ્રી સ્વામિનારાયણબાપા સ્વામીબાપાના પાવન ચરણે પ્રાર્થના કરીએ.

ગુરુદેવ સ્વામીબાપાએ આપણને શીખવેલ પ્રાર્થના 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' એવી હાર્દિક શુભેચ્છા

**શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય**

સ્વામી. પુરુષોત્તમપ્રિયદાસજીના
સપ્રેમ જય શ્રી સ્વામિનારાયણ

SHREEJIBAPA SWAMIBAPA
Maninagar Shree Swaminarayan Gadi Sansthan
Shreejisankalpmurti Adya Acharyapravar Dharmadhurandhar 1008
Shree Muktajeevan Swamibapa Suvarna Jayanti Mahotsav Smarak Trust
Public Charitable Trust Registered No. A/1762
Shree Swaminarayan Temple Maninagar, Ahmedabad - 380 008
Tel.: 079-25468029 / 5757 • maninagar@swaminarayanGadi.com

30 March 2020

Message to all Disciples Living Around the World

When the world is in a state of unrest, it is our duty as disciples of the supreme, merciful Lord Shree Swaminarayanbapa Swamibapa to pray for the welfare and protection of Mother Earth and its populous.

For the foreseeable future, we will remain indoors to protect ourselves and others from the infection that has plagued the entire world. Staying inside our homes will be a form of penance that we will perform for pleasing the Lord, because this is in the best interests of humanity.

During this period of lockdown, ensure that you use the time wisely. Do not waste this opportunity of performing additional prayers, vows and scriptural reading. You will not be allowed to attend the Mandirs. However, darshan of the Lord is possible through the media channels of our Sansthan.

Hold daily religious discourses at your home shrine for your entire family. Perform the daily rituals before the Lord as a family unit. This is a way of building strong relationships with one another and at the same time, pleasing God. Through these kinds of informal discourses, the older generations can share their experiences and knowledge with the younger ones, who can ask questions to further their own understanding. Any distressful issues that may have arisen during that day can be resolved through the family discussions held during the home assemblies. Respect for one another can be strengthened. Behaviors and characters can be improved through forging such united family units. Disputes are less likely to occur and more easily resolved if they do arise. Therefore, use this lockdown period to start holding daily religious discourses with the rest of your family; and in this way, develop your self-esteem, increase your spiritual knowledge and strengthen your family bond.

Let us pray to the almighty Lord Shree Swaminarayanbapa Swamibapa for strength, wisdom and courage to live courageously through the approaching days and weeks of uncertainty, until the risk of being infected by the Covid-19 virus is eliminated.

As prayed by Gurudev Jeevanpran Shree Muktajeevan Swamibapa on behalf of us all – 'Shubh thaavo sakal vishvanu' (may the entire world remain auspicious).

With divine blessings,

Jay Shree Swaminarayan

સ્વામી. પુરુષોત્તમપ્રિયદાસજી

Shree Purushottampriyadasji Swamishree